La View 1st Floor Mahalaxmi East, Bapurao Jagtap Marg, Jacob Circle (Saat Rasta), Mumbai- 11 [Tuesday And Wednesday 6-7 Pm]




**બાળકોને ગમતી કવિતા એક્શન સાથે ગવડાવો**

**(સંકલન)**

## હોડી હોડી

**પિનાકીન ત્રિવેદી**

ચાલોને રમીએ હોડી હોડી ચાલોને ચાલોને
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર,
ઝરણાં નાનાં જાય દોડી જોડી ચાલોને
બાપુનાં છાપાં નક્કામાં થોથાં
કાપીકૂપીને કરીએ હોડી ચાલોને
લાગીને સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી ચાલોને
ખાલી રાખેલી ઊંધી વળે તો
પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી ચાલોને
જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલી, દોસ્ત ! મારી હોડી ચાલોને

## સૂરજ ! ધીમા તપો !

**ઝવેરચંદ મેઘાણી**

મારી મેંદીનો રંગ ઊડી જાય રે, સૂરજ ! ધીમા તપો !
મારો કંકુનો ચાંદલો ચોળાય રે, સૂરજ ! ધીમા તપો !
મારી વેણી લાખેણી કરમાય રે, સૂરજ ! ધીમા તપો !
મારાં કાજળ નેણેથી ઝરી જાય રે, સૂરજ ! ધીમા તપો !
મારી ચૂડી અણમોલી તરડાય રે, સૂરજ ! ધીમા તપો !
મારે સેંથેથી હીંગળો રેળાય રે, સૂરજ ! ધીમા તપો !
મારી પાની સુંવાળી બળી જાય રે, સૂરજ ! ધીમા તપો !
મારા કેમે નો પંથ પૂરા થાય રે, સૂરજ ! ધીમા તપો !
જેને શોધું તે દૂર સરી જાય રે, સૂરજ ! ધીમા તપો !

## હું તો પૂછું

**'સુંદરમ્'**

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગરંગવાળી
આ ટીલડી કોણે જડી ?
વળી પૂછું કે મીંદડીની માંજરી - શી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી ?
હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પોં'ચે
ત્યાં કૂંપળો કોણે કરી ?
વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધ કેરી ધોળી
મીઠી ધાર કોણે ભરી ?
હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોસીની
ઝૂંપડી કોણે મઢી ?
વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી
ભમરડી કોણે કરી ?
હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખતી
આંખ મારી કોણે કરી ?
વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ
આભલાની ચૂંદડી કોણે કરી ?

## ઋતુઓનું વર્ણન

**(ચોપાઈ)**

**દલપતરામ**

શિયાળે શીતળ વા વાય, પાનખરે ઘઉં પેદા થાય,
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે ચાવે તંબોળ.
ધરે શરીર ડગલી શાલ, ફાટે ગરીબ તણા પગ ગાલ,
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત.
ઉનાળે ઊંડા જળ જાય, નદી સરોવર જળ સુકાય,
પામે વનસ્પતિ સૌ પાન, કેસૂડાં રૂડાં ગુણવાન.
સારા હોજ ફુવારા બાગ, પ્યારાં ચંદન પંખા લાગ,
બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તો વણ તોલ.
ચોમાસું તો ખાસું ખૂબ, દીસે દુનિયા ડૂબાડૂબ,
લોક ઉચારે રાગ મલાર, ખેતર વાવે ખેતીકાર.
ચંપા, ચંબેલી, જૂઈ જાય, ફૂલ ગુલાબ ભલા ફુલાય,
છત્રી ચોમાસે સુખ માટ, ચાખડીઓ હીંડોળા ખાટ.

# પ્રભુના નામથી કે માલાજીના સ્પર્શથી પણ વસ્તુ પ્રસાદીરૂપ થાય...

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)



એક વૈષ્ણવ પાસે ચરણામૃત ખૂટી પડયું. આથી તેમણે ઉપવાસ કર્યો. આ વાતની શ્રીજીને ખબર પડી. તેમણે કહ્યું કંઠમાં માલાજી હતા તેનો સ્પર્શ કરી પ્રસાદ કેમ ન આરોગ્યો ? ભૂખ્યો શા માટે રહ્યો ? એક તો માળા પ્રસાદી છે. શ્રી અંગનો સ્પર્શ છે, વળી ભક્તપણું છે. ભક્તનું આધિદૈવીક રૂપ કંઠમાં ધર્યું છે, માટે બંને માળાના ચરણામૃતમાં તે સિદ્ધ થાય છે.

પ્રભુ ભક્ત વત્સલ છે. ભક્ત ને ભૂખ્યો જાણી પોતે દુઃખી થાય છે. માટે, આવે સમય પ્રભુના સુખનો વિચાર કરવો જોઈએ. દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કરી સંપ્રદાયની મેંડને બાધ ન આવે તેમ પ્રસાદ લેવો જોઈએ. પ્રભુનું નામ પણ સ્વરૂપાત્મક છે. કોઈ સમર્પિત વસ્તુ પાસે પ્રભુનું નામ દેતાં, પ્રભુ નામ રૂપે પણ આરોગે છે. રસ્તામાં જતાં તરસ લાગી હોય તો ડોલ થી જળ કાઢી પ્રભુનું નામ સ્મરીને જળ પી શકાય છે. તાદશી ભક્તની દૃષ્ટિ વડે પણ પ્રભુ આરોગે છે. આ વસ્તુ બહુજ સૂક્ષ્મ છે.

**જય શ્રી કૃષ્ણ**
**શ્રી ગિરીરાજધરણ કી જય**
**શ્રી વલ્લભાધીશ કી જય**
**શ્રી ગુંસાઈજી પરમદયાલ કી જય**
**શ્રી શ્યામ સુંદર શ્રી યમુને મહારાની કી જય**


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨





NIRAV Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# સત્યની શક્તિ

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

સત્ય એ જ પરમાત્મા છે. એટલે કે સત્યનું આચરણ પરમાત્મા સુધી પહોંચાડે છે. આપણાં જીવન સંગ્રામમાં મોટામાં મોટી કોઈ લાયકાત હોય તો તે છે 'સત્ય નિષ્ઠા' અને જો સત્ય નિષ્ઠા જ ન હોય તો મોટામાં મોટી ગેરલાયકાત છે. જો સત્ય નિષ્ઠા જ ન હોય તો આપણી પ્રગતિ શક્ય જ નથી. આપણા સમગ્ર જીવન સંગ્રામમાં માત્ર એક જ વસ્તુ જ મોટામાં મોટું વિઘ્ન રૂપ બને છે તે છે અસત્ય, અનીતિ, અપ્રમાણિકતા.

આપણામાં રહેલી અસત્યતા સાધના દ્વારા બદલાઈ શકાય છે અને આપણી ગમે તેવી મલિનતા, પાપ વૃત્તિ, દુર્ગુણો, દોષો, અશુદ્ધિ વગેરેનું નિર્મૂલન થઈ શકે છે, પણ આ માટે આપણી તૈયારી હોવી જોઈએ અને નિષ્ઠા પૂર્વક સાધના કરવાની જરૂરિયાત પડે છે.

જે માણસ મનથી બરાબર સંકલ્પ કરીને સત્ય સાથે જોડાવા નીકળી પડે છે - સત્ય સાથે જોડાવું જ છે, ખરેખર સત્યમાં જ સ્થિર થવું જ છે, ખરેખર સત્ય સુધી પહોંચવું જ છે તેવી પાકી શ્રદ્ધા સાથે આગળ વધે છે, તેને કહેવામાં આવે છે 'સત્ય નિષ્ઠ'. આ સત્ય નિષ્ઠાનો માર્ગ વાંકો ચૂકો અને કષ્ટવાળો છે. સીધો સાદો સરળ નથી. અનેક વિટંબણાઓથી ભરેલો છો. તેમાંથી પાર ઉતરવાનું છે અને આસપાસના અસત્ય, અજ્ઞાન, અપ્રમાણિકતા, અનીતિ જેવાં મોટો મોટા પહાડો પાર કરવા માટે શક્તિ અને વિવેક હોવા જરૂરી બને છે. તેમજ વિવેક સાથે શ્રધ્ધા પણ જરૂરી છે.

જ્યારે માણસ સત્યનો સંકલ્પ કરે છે તેમનામાં એક પ્રકારની ચેતનાનો પ્રકાશ પ્રગટે છે અને પોતાના અંતઃકરણમાં અજવાળું થઈ જતું હોય છે. પછી એનામાં પ્રપંચ, દગો, લોભ, મોહ, અશક્તિ, અહંકાર, રાગ-દ્વેષ વગેરેનું ઝાળુ ભેદાય જાય છે અને શુદ્ધતા, સાત્વિકતા, સરળતા, સહજતાનો આર્વિભાવ પ્રકાશિત થાય છે અને અંતરતત્વ આનંદથી ભરાઈ જાય છે. આ છે સત્ય નિષ્ઠાનું ફળ કે જે અમૃત સમાન છે બલકે અમૃત જ છે.

આ સૃષ્ટિમાં જે જે માણસોની પ્રગતિ થઈ છે તેનો અભ્યાસ કરીએ તો માલૂમ પડે છે કે સાચી પ્રગતિ 'સત્ય નિષ્ઠા' ના આધારે જ શક્ય બની છે. આપણે ક્યાંય દૂર જવાની જરૂર જ નથી. ગાંધીજીની જે કાંઈ પ્રગતિ થઈ- સ્વરાજ મળ્યું તેની પાછળનું જો કોઈ મહત્વનું ને મોટામાં મોટું કારણ હોય તો તે છે તેમની સત્ય પ્રત્યેની નિષ્ઠા અને સત્યનું આચરણ. આમ સત્યના આચરણ દ્વારા જ તે મહાત્મા બન્યા. આ જ રીતે મહાવીરનું જીવન જોઈએ, બુદ્ધનું જીવન જોઈએ તો તેમાં પણ સત્યનું જ આચરણ જ મહત્વનું છે. તેઓની સત્ય નિષ્ઠાના પરિણામે જ તેઓ મહાવીર બની શક્યા છે તથા બુદ્ધ 'ભગવાન' કહેવાયા છે. આમ સત્ય દ્વારા જ ઊર્ધ્વીકરણ થઈ શકે છે તે પૂરવાર થયેલું છે. પૂરવાર કરવા ક્યાંય જવાની જરૂર નથી. આમ સત્યમય ગતિથી જ પ્રગતિ સાધી શકાય છે. ઊર્ધ્વીકરણ પ્રગતિ અસત્યની ગતિથી કદી પણ સાધી શકાતી જ નથી. સત્યનો જ જય થાય છે. અસત્યનો પરાજય જ થાય છે. આપણી સમક્ષ મહાભારતનું યુદ્ધ એ નમૂનો છે. દુર્યોધનનો માર્ગ અસત્યનો હતો જ્યારે પાંડુ પુત્રોનો માર્ગ સત્યનો હતો. મુશ્કેલીઓ પારાવાર આવી હતી પણ હિંમત હાર્યા નહોતા અને સત્યનો રસ્તો છોડયો ન હતો માટે જ પાંડુ પુત્રોનો વિજય થયો છે. આમ સત્યનો જ અંતે વિજય થાય છે. તેમાં કોઈ શંકા જ નથી. તેથી વેદોમાં કહ્યું છે सत्यमेव जयते (મુણ્ડક ઉપનિષદ ૩.૧.૬)

આજના સમાજની સામે દ્રષ્ટિ કરીએ તો જણાય છે કે કાળા બજારીયાઓ, ભ્રષ્ટાચારીઓ, અપ્રમાણિકતા આચરનારાઓ, ફૂલ્યા-ફુલ્યાં માલૂમ પડે છે પણ તેઓ માનસિક રીતે સ્વસ્થ હોતા જ નથી. જ્યાં સુધી અસત્યની લડાઈનો અંત ન આવે ત્યાં સુધી અંધકાર દેખાય છે ને ખરું ? પણ અંતે તો વિજય તો સત્યનો જ થાય છે. જે

માણસે સત્યમય ગતિથી જે પ્રગતિ સાધી હોય છે તે પ્રગતિ સત્ય વિરુદ્ધની અસત્યની ગતિથી કદી પણ સાધી શકાતી જ નથી. માણસ જીવનમાં કદી પણ દુષ્ટતાનું સેવન કરી કોઈ પણ રીતે શાંતિ-સુખનો અનુભવ કરી શકતો જ નથી. કદાચ અજ્ઞાનમય જીવનમાં આપણે મન મનાવી લઈ શકીએ છીએ પણ અંતઃકરણથી એ સાચું હોતું જ નથી, હોઈ શકે જ નહીં અને આવો માણસ સ્વસ્થ પણ હોતો જ નથી, સ્વસ્થ રહી શકે જ નહિં. અસત્યનો તાપ તેને લાગતો જ હોય છે.

અસત્યના રસ્તે ચાલતો માણસ કદાચ શાંત, આનંદિત, સુખી, પ્રસન્ન, સ્વસ્થ હોવાનો ઢોંગ કરીને પોતાની જાતને તેમજ બીજાને છેતરતો માલૂમ પડે છે પણ ખરેખર તે પ્રસન્ન હોતો જ નથી. તે ચિંતાગ્રસ્ત જ હોય છે.

જ્યાં સુધી માણસમાં સત્ય નિષ્ઠા હોય છે, ત્યાં સુધી જ પ્રગતિ થતી હોય છે અને જ્યારે અસત્યનું આચરણ શરૂ થાય છે તે જ ક્ષણે પ્રગતિ, વિશાળતા, પ્રકાશ, આનંદ, સુખ, પ્રસન્નતા વગેરેના બારણા બંધ જ થઈ જાય છે, તે હકીકત છે.

સત્ય નિષ્ઠા એ સોના-ચાંદીના સિક્કાનો રણકાર છે. તો શ્રધ્ધા એ જલતા દીપક જેમ છે. આપણે સૌ દીપક બનીને જ જન્મ્યા છીએ. આ દીપક પ્રગટે અને બુજાય અને પાછો પ્રગટે એવી સ્થિતિમાંથી જ આપણે સૌ એ આગળ વધવાનું હોય છે. સત્ય નિષ્ઠા દ્વારા જ જીવનમાં પરમ ઈષ્ટ પ્રાપ્ત થશે અને જીવન નિષ્ફળ જવાનું જ નથી અને સત્યના રસ્તે ચાલવાની પ્રવૃત્તિ પ્રગતિ અને સિદ્ધિને આંચ આવવાની જ નથી. આવી શ્રધ્ધાથી સત્ય નિષ્ઠ માણસ જીવે છે. આત્મ વિશ્વાસ ધરાવે છે અને આત્મ વિશ્વાસથી આગળને આગળ વધે જ છે. સત્ય નિષ્ઠા અને શ્રદ્ધા એ હૃદયના ધર્મો છે અને પ્રજ્ઞા એ હૃદયનો સ્વામી છે. આમ સત્ય નિષ્ઠા, શ્રદ્ધા અને પ્રજ્ઞા ત્રણેનો સમન્વય એ જ ઊર્ધ્વીકરણ, એ જ પ્રગતિ છે. આમ સત્યનું આચરણ જ જીવનને ઊર્ધ્વીકરણ કરે છે અને અમૃત સુધી પહોંચાડે છે. આમ સત્યની શાંતિ અજોડ છે. ✣✣✣✣



# શાકાહારી શ્રેષ્ઠ આહાર

✍ ડૉ. રીટા ગાંધી

૧. **કેળું :** બલ્ડ પ્રેશરને કંટ્રોલ કરે છે, હાડકાંને મજબુત બનાવે છે, હૃદયનું રક્ષણ કરે છે, ઝાડામાં ફાયદાકારક છે, ઉધરસમાં ફાયદાકારક છે.

૨. **જામુન :** કેન્સરથી બચાવે છે, હૃદયનું રક્ષણ કરે છે, કબજિયાતમાં રાહત આપે છે, યાદશક્તિ વધારે છે, બ્લડ સુગર કંટ્રોલ કરે છે. ડાયાબિટીસમાં ખૂબ જ ફાયદાકારક છે.

૩. **સફરજન :** હૃદયનું રક્ષણ કરે છે, ઝાડા અડકાવે છે. કબજિયાતમાં ફાયદાકારક છે, ફેફસાની શક્તિ વધારે છે.

૪. **બીટરૂટ :** વજન ઘટાડે છે, બલ્ડ પ્રેશર નિયંત્રિત કરે છે, ઓસ્ટીયોપોરોસીસ અટકાવે છે, કેન્સર સામે લડે છે, હૃદયનું રક્ષણ કરે છે.

૫. **કોબીજ :** પાઈલ્સમાં ફાયદાકારક, હૃદયરોગમાં ફાયદાકારક, કબજિયાત દૂર કરે છે, વજન ઘટાડવામાં મદદરૂપ છે, કેન્સરમાં ફાયદાકારક.

૬. **ગાજર :** દૃષ્ટિ સુધારે છે, કેન્સર વિરોધી છે, વજન ઘટાડવામાં મદદરૂપ છે, કબજિયાત દૂર કરે છે, હૃદયનું રક્ષણ કરે છે.

૭. **ફ્લાવર :** હાડકાંને મજબૂત બનાવે છે, સ્તન કેન્સર અટકાવે છે, પ્રોસ્ટેટ કેન્સરમાં પણ ઉપયોગી છે, કટ અને સ્ક્રેચ મટાડે છે.

૮. **લસણ :** કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેશર ઘટાડે છે, જતુંનાશક છે, કેન્સર સામે લડે છે.

૯. **લીંબુ :** ત્વચાને કોમળ બનાવે છે, કેન્સરથી બચાવે છે, હૃદયનું રક્ષણ કરે છે, બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે, સ્કર્વી મટાડે છે.

૧૦. **દ્રાક્ષ :** લોહીના પ્રવાહમાં વધારો કરે છે, હૃદયનું રક્ષણ કરે છે, કેન્સર સામે લડે છે, કિડનીની પથરીનો નાશ કરે છે, દ્રષ્ટિ સુધારે છે.

૧૧. **કેરી :** કેન્સરથી બચાવે છે. થાઈરોડની બીમારીમાં ફાયદાકારક છે, પાચન શક્તિ વધારે છે, યાદશક્તિની નબળાઈમાં ફાયદાકારક છે.

૧૨. **ડુંગળી :** ફૂગ વિરોધી ગુણો ધરાવે છે, હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે. તે એન્ટીબેક્ટેરીયલ, કેન્સર વિરોધી છે અને ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.

૧૩. **અળસીના બીજ :** માનસિક શક્તિમાં વધારો કરે છે. રોગ પ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે, ડાયાબિટીસમાં મદદરૂપ છે, હૃદયનું રક્ષણ કરે છે, પાચન સુધારે છે.

૧૪. **નારંગી :** હૃદયનું રક્ષણ કરે છે, રોગ પ્રતિકારક શક્તિ સુધારે છે, શ્વસન માર્ગની વિકૃતિઓમાં ફાયદાકારક છે, કેન્સરમાં ફાયદાકારક છે.

૧૫. **ટામેટા :** કોલેસ્ટ્રોલ ઘટાડે છે, પ્રોસ્ટેટ ગ્રંથિના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, કેન્સરને અટકાવે છે, હૃદયનું રક્ષણ કરે છે.

૧૬. **પાણી :** કિડનીની પથરી દૂર કરે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે, કેન્સર સામે લડે છે, ત્વચાની ચમક વધારે છે.

૧૭. **અખરોટ :** મૂડ સુધારવામાં મદદ કરે છે, યાદશક્તિમાં વધારો કરે છે, કેન્સર સામે લડી શકે છે, હૃદયના રોગોને અટકાવે છે, કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદરૂપ છે.

**૧૮. તરબૂચ :** સ્ટ્રોક રોકવામાં ઉપયોગી, પ્રોસ્ટેટ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક, બ્લડ પ્રેશર ઘટાડે છે, વજન ઘટાડવામાં મદદરૂપ છે.

**૧૯. ફણગાવેલા ઘઉં :** કોલોન કેન્સર સામે લડે છે, કબજિયાત અટકાવે છે, સ્ટ્રોક સામે રક્ષણ આપે છે, કોલેસ્ટ્રોલ ઘટાડે છે, પાચન સુધારે છે.

**૨૦. ચોખા :** કિડનીની પથરીમાં ફાયદાકારક, ડાયાબિટીસમાં ફાયદાકારક, સ્ટ્રોકથી બચાવે છે, કેન્સર સામે લડે છે, હૃદયનું રક્ષણ કરે છે.

**૨૧. બટાટા બુખારા :** હૃદયના રોગો અટકાવે છે, વહેલા વૃદ્ધાવસ્થાને અટકાવે છે, યાદશક્તિ સુધારે છે, કોલોસ્ટ્રોલ ઘટાડે છે, કબજિયાત અટકાવે છે.

**૨૨. અનાનસ :** ઝાડા અટકાવે છે, મસાઓ મટાડે છે, શરદી અને ઉદરસ સામે રક્ષણ આપે છે, ઓસ્ટીઓપોરોસીસ અટકાવે છે, પાચન સુધારે છે.


**૨૩. જવ, ઓટ્સ :** કોલેસ્ટ્રોલ ઘટાડે છે, કેન્સર સામે લડે છે, ડાયાબિટીસમાં મદદરૂપ છે, કબજિયાત અટકાવે છે, ત્વચા પર ચમક લાવે છે.

**૨૪. અંજીર :** બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે, સ્ટ્રોક અટકાવે છે, કોલેસ્ટ્રોલ ઘટાડે છે, કેન્સર સામે લડે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે.

**૨૫. શક્કરીયા :** દ્રષ્ટિ સુધારે છે, મૂડ સુધારે છે, હાડકાં મજબૂત બનાવે છે, કેન્સર સામે લડે છે.

✣✣✣✣✣


MENTCO
Experience - Reliability - Value
MENTCO MANUFACTURING PVT.LTD
(AS9100:2016 D & ISO 9001:2015)
We are a contract manufacturer, importer, and distributor with a specialization in –



We are known for our High-Quality Manufacturing, Responsive Customer Service, Skilled Professionals, and Timely Delivery.

We serve industry like – Oil & Gas, Semiconductor, Aerospace/ Aviation etc.

Mentco Manufacturing Private Limited
Apple Industrial HUB, Phase 2, Survey No 215/216, Plot No 7,
Palghar Maharashtra, India.

Phone Nos.: +91-9989819633
E-mail: sales@mentcomanufacturing.com / saurabh.mehta@mentco.com



|| જય શ્રી કૃષ્ણ ||
રાધે રાધે



સ્વર ને સંગીતનો અનેરો સંગમ
શુભારંભ
સંગીત ગ્રુપ
દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી, એનિવરસૅરી, જુનાગીતો
ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap

# પરમ વાણી

✍ **કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**


ભગવાને તમને પૃથ્વી ઉપર કંઈક કરવા મોકલ્યા છે. ફોગટ ફેરા ના કરવા. તમે તમારું સાચવો તો પણ ઘણું છે. તમારા દુઃખની ખબર છે પ્રભુને. કોઈકવાર ક્ષણનું પણ વજન મણ મણ જેટલું થઈ જાય છે. સાપનું ઝેર બીજા માટે હાનીકારક પણ પોતાના માટે લાભદાયક હોય છે. સોનાનાં ઘડાના પાણી કરતાં માટીના ઘડાનું પાણી શીતળ-મધુર હોય છે. સાક્ષાત્કાર માટે ઉત્કટ લગની, પારાવાર ધગશ, અડગ શ્રધ્ધા જરૂરી છે. સાચી શ્રધ્ધા વગર પ્રભુ પ્રાપ્તિ નથી. શું વાઘ ને આલિંગન આપશો ? જાણો છો કે વાઘની અંદર પણ પ્રભુ છે. વાંચનથી મનન શ્રેષ્ઠ છે. મનનથી શ્રેષ્ઠ આચરણ છે. વાયુમાં સુંગધ ભળ્યા છતાં વાયુ અલિપ્ત રહે છે, તેવું જ લક્ષણ બ્રહ્મનું છે. માણસનું પણ તેવું જ છે. રેશમનો કીડો પોતાનું પોતે જ કેદખાનું બનાવે છે. સંસારી માટે આ બોધપાઠ છે કે માછલી કાદવમાં રહે છે, પણ સ્વચ્છ રહે છે. મધમાખી જાતે મધ ખાતી નથી. માણસ આમાંથી કંઈક શીખે તો કેવું સારું ? ભક્તિ જો ચંદ્ર છે તો જ્ઞાન એ સૂર્ય છે. ભમરો ફૂલ ઉપર બેસતો નથી ત્યાં સુધી ગણગણે છે. ભક્તનું હૃદય ઈશ્વરનું દીવાનખાનું છે. કોઈને શિષ્ય થવું જ નથી, બધાને ગુરુ જ થવું છે. બધા પક્ષીની ચાંચ સીધી નથી હોતી. બસ તેવું જ માણસનું. ફળ આવ્યા પછી ફૂલ ખરી પડે તેમ જ્ઞાન થયા પછી અહ્‌મ ખરી પડે છે. પારસમણિથી લોખંડ સોનું બને તે સંત પુરુષથી માણસ મહાન બને. પૂજારીની પૂજા વ્યવસાય હોય છે, જેથી પૂજારીને પ્રભુ પ્રાપ્ત થતા નથી.

પવનથી કુદરતી લહેર આવે તો પછી પંખાની જરૂર રહેતી નથી. દેડકાની પૂંછડી ખરી ન પડે ત્યાં સુધી તે કૂદકો મારી શકતો નથી. દરેક આપત્તિનો ઈલાજ એની સાથે જ આવે છે. તમે ઈશ્વરને મુખત્યારનામું આપી દો, એ બધો વહીવટ સંભાળી લેશે. જ્યાં સુધી ગાંઠ હોય છે, ત્યાં સુધી સોયમાં દોરો પરોવાતો નથી. જો થડ હાથમાં આવી જાય તો આખુ ઝાડ તમારું છે. બસ પ્રભુને પકડી લો.

જડ વસ્તુને પણ જે ચેતન બનાવી દે તે પરમાત્મા. ચૂલામાં બળતણ હોય ત્યાં સુધી દૂધ ઉભરાય છે, તેવું અનુપાતનુ છે. એશ્વર્યને નહિ પણ ઈશ્વરને શોધો. અહ્‌મભાવ તજયા વગર મુક્તિ નથી. એટલે જ અધિકાર પ્રમાણે જ ઉપદેશ કરો, તેવું શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે.

જે કર્મોનો ગુણાકાર કરાવે એ આશક્તિ છે. ભાગાકાર કરાવે એ ભક્તિ છે. મનઃસ્થિતિ બદલે તો પરિસ્થિતી બદલાય. 'ગુ' નામ અંધકારનું છે અને 'રુ' નામ પ્રકાશનું છે. માટે જ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી દે, તેનું નામ 'ગુરુ' છે. ગુરુ બનાવવા માત્રથી કલ્યાણ થતું નથી, પરંતુ તેના વચનોને માનવાથી, અનુસરવાથી કલ્યાણ થાય છે. ગુરુ શરીર નથી હોતા અને શરીર ગુરુ નથી હોતા, પણ તેમનો ઉપદેશ-વચનામૃત-આદર્શો આપણા માટે ગુરુ હોય છે. એટલે જ મહાભારતમાં બધા સગાં-સંબંધી સામ સામે લડવા આવી ગયા હતાં. કોઈ કોઈનું ન હતું. કેવળ પરમાત્મા શ્રી કૃષ્ણ શાંતિદૂત તથા પોતાના હિતેચ્છુના કલ્યાણ માટે વચ્ચે હતા. ✣✣✣✣


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**ઘરનું સરનામું**

: ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# વણાકબોરી ડેમ

✍ **ડૉ. અમૃતભાઈ તીરગર**

વણાકબોરી ડેમ બાલાસિનોર તાલુકામાં આવેલા બાલાસિનોરથી માત્ર ૧૨ કિ.મી. ના અંતરે આવેલ વાણાંકબોરી ગામની ભાગોળમાં આ ડેમ સાઈટ આવેલ છે. જે મહિસાગરની ઉપર બાંધવામાં આવેલ છે. ઈ.સ. ૧૯૦૦-૦૧ માં દુષ્કાળ પડયો ત્યારે આ સારકારી યોજના બનાવવાનું વિચારવામાં આવ્યું. જેના માટે સ્થળ સેવાલિયા વિચારાયું હતું. ઈ.સ. ૧૯૦૫ થી ઈ.સ. ૧૯૦૮ માં આ યોજના અંગે માપણી કાઢવામાં આવી અનો ડેમ સાઈડ વનોડા પાસો બાંધવાનું વિચારવામાંઆવ્યું. જેને માટે પાલી (સેવાલિયા) પાસે પાણી માપવાનું મથક સ્થાપવામાં આવ્યું. ઈ.સ. ૧૯૦૫ થી ૧૯૨૬ સુધી પાણીના વહેણની નોંધ લેવામાં આવી. આમ ઈ.સ. ૧૯૨૫ માં આ યોજના ફરી લેવામાં આવી. ત્યારબાદ ઈ.સ. ૧૯૩૪માં સરકારમાં નાણાભીડને કારણે મુલતવી રાખવામાં આવી.



આમ અવારનવાર આ યોજના મુલતવી રહી. ત્યારબાદ સરકારે બે તબક્કાની મહિ નહેર યોજના ઈ.સ. ૧૯૪૮ ના ઓગષ્ટ માસમાં સ્વીકારી. જેમાં ‘મહિ કેનાલ ડિવિઝન’ ના એક્ઝિક્યુટીવ એન્જીનીયરે આખી યોજનાની વિગતો તૈયાર કરી અને તા. ૨૨-૫-૧૯૫૦ માં રૂપિયા ૪,૨૬,૬૬,૭૨૯/- ને ખર્ચે ઉપાડવાનું મંજૂર કરવામાં આવ્યું. આ યોજનાને પ્રથમ પંચવાર્ષિક યોજનામાં સામેલ કરવામાં આવી.

આ યોજના અંતર્ગત વણાકબોરી આગળ આડો બંધ બાંધવો અને ત્યાંથી વહેરાખાડી સુધી ૪૪ માઈલ ૧૫ થી ૫૦ ફૂટ ઉંડી મુખ્ય નહેર બાંધવી તેમાંથી બે શાખા (૧) નડિયાદ શાખા (૨) પેટલાદ શાખા કરી. પ્રથમ શાખા આશરે ૩૭ માઈલ અને બીજી શાખા ૩૯ માઈલની નક્કી થઈ. પ્રથમ તબક્કાની નહેરોથી ઠાસરા, આણંદ, નડિયાદ, પેટલાદ અને બોરસદ તાલુકાના ૨.૫૦ લાખ એકર જમીનને લાભ મળ્યો અને બીજા તબક્કામાં બાકીના તાલુકાઓમાં ૯ લાખ એકર જમીનને લાભ મળ્યો.

વણાકબોરી ડેમ ઉપર હાલના સમયમાં વિજળી ઉત્પાદનનું કાર્ય પણ ચાલુ છે. ડેમના પાછળના ભાગમાં ખુબ જ મોટું સરોવર આવેલ છે. જો સરકાર દ્વારા ત્યાં બોટીંગની વ્યવસ્થા કરવામાં આવે તો આ સ્થળ પીકનીક પોઈન્ટ બની શકે તેમ છે અને વધુ ને વધુ સહેલાણીઓ અહિંયા આવી શકે છે. આમ કુદરતી સૌંદર્યનો નજારો અહિંયા આહલાદક લાગે છે. આ ડેમમાં સાત રેડીયલ દરવાજા છે. મુખ્ય કેનાલની લંબાઈ ૭૩.૬૦ કિ.મી. છે. જળ સંગ્રહ ૭૦૦૦ ક્યુસેક છે. ડેમમાંથી ૬ બ્રાન્ચ કેનાલ નીકળે છે. તેની લંબાઈ ૨૨૩.૬૦ કિ.મી. અને પેટા કેનાલ ૩૯ જેની લંબાઈ ૪૧૫ કિ.મી. માઈનોર કેનાલ લંબાઈ ૧૯.૪૭ કિ.મી. આમ કુલ હાલના તબક્કે કેનાલ લંબાઈ ૨૫૮.૬૦ કિ.મી. છે.

# શ્રી બાલાસિનોર યાત્રા પ્રવાસ સંઘ તથા સાંસ્કૃતિક મંડળ આયોજીત

શ્રી વાડાસિનોર જ્ઞાતિના સર્વે વૈષ્ણવો જોગ,

સર્વે ને જય જય શ્રી ગોકુલેશ

## ઉત્તર ભારત બેઠક યાત્રા પ્રવાસ

**વારાણસી, અયોધ્યા, પ્રયાગરાજ, નૈમીશારણ્ય, ચિત્રકુટ, અડેલ, લખનૌ**

સહર્ષ જણાવવાનું કે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજના નેજા હેઠળ તથા સાંસ્કૃતિક મંડળ ઉપર જણાવેલ યાત્રા સ્થળોનો યાત્રા પ્રવાસનું આયોજન હાથ ધરાયેલ છે.

ઉપરોક્ત યાત્રા તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ઉપડશે. બેઠકો તથા ઝારીજી ભરવાની સુવિધા પ્રાપ્ત હશે. તે અંગેની વધુ વિગતો આવનાર જ્યોતિપુંજના આગામી અંકોમાં પ્રકાશિત કરવામાં આવશે તથા સાંસ્કૃતિક મંડળના આગામી કાર્યક્રમોમાં જાહેર કરવામાં આવશે. જુલાઈ ૨૦૨૪ માં આ યાત્રા માટે બુકીંગ કરવામાં આવશે. ફક્ત ૮૦ પ્રવાસીઓ સાથે આ યાત્રા ઉપડશે. વહેલો તે પહેલોના ધોરણે પ્રવાસીઓ લેવામાં આવશે. મે. એ.ડી. ટુર્સ - શ્રી અજય દત્તાણી આપણી આ ટુર્સનું સંચાલન કરશે.

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ** **શ્રી કાર્તીકેય રસીકલાલ કડકીઆ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

જત જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે શ્રી વાડાસિનોર ગોકુલેશ દ્વારા શ્રી કીર્તન માધુરી પુસ્તકની રીપ્રીન્ટ હાથ ધરવામાં આવશે. સુધારા તથા વધારા સાથે આ પુસ્તકની ૨૦૦૦ નકલ પ્રાપ્ત કરવામાં આવશે. આ પુસ્તકો આપણા સમાજના વૈષ્ણવોને પ્રાપ્ત કરવામાં આવશે.

સંસ્થા દ્વારા આ માટે રૂા. ૧૦,૦૦૦/- ની રકમ ન્યોછાવર રાખવામાં આવેલ છે. મર્યાદીત દાતાશ્રીઓનાં નામ વહલો તે પહેલોના ધોરણે નોંધવામાં આવશે અને શ્રી કીર્તન માધુરી પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે. વૈષ્ણવો ધાર્મિક કાર્યમાં જોડાવા માટેની આ ઉત્તમ તકનો લાભ લેવા નમ્ર નિવેદન.

**આપના નામ નોંધાવવા માટે સમાજનાં પ્રમુખનો સંપર્ક સાધવો.**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિઆ (હેડમાસ્તર) - ૯૮૨૦૧૩૫૦૧૪**

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી જસ્મીન બિપિન શેઠ, શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ તથા શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીઆ - માનદ્ મંત્રીઓ**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને બે કોર્પોરેટ દાતાઓ તરફથી CSR પ્રવૃત્તિઓ માટે નીચે જણાવ્યા પ્રમાણે માતબર દાન મળ્યું છે.

૧. **M/s. Prasol Chemical Ltd.** તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ પૂરા) નું માતબર દાન મળ્યું છે.

૨. **M/s. Versalite Hitech Lighting Pvt. Ltd.** તરફથી રૂા. ૫,૭૫,૦૦૦/- (અંકે પાંચ લાખ પંચોતેર હજાર પૂરા) નું માતબર દાન મળ્યું છે.

આ બંને દાતા પરિવારો તરફથી દર વર્ષે આપણી સંસ્થાને નીયમિત અવિરત દાન મળી રહ્યું છે.

## અવિસ્મરણીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા પરિવાર તરફથી મળ્યું છે.

૧. શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પરીખ (IRS) (પૂર્વ ચીફ ઈન્કમટેક્સ કમિશ્નર, ગુજરાત રાજ્ય) પરિવાર તરફથી ભાનુપ્રિયાની યાદમાં રૂા. અંકે ૨,૦૦,૦૦૦/- (અંક બે લાખ પૂરા) નું માતબર દાન મળ્યું છે.

આ પરિવાર તરફથી દર વર્ષે આપણી સંસ્થાને નીયમિત અવિરત દાનનો પ્રવાહ મળી રહ્યો છે. મુરબ્બી શ્રી નવીનકાકાએ આ સંસ્થાના ઉપપ્રમુખ પદે રહીને સંસ્થાના વિકાસને લગતા કાર્યોમાં તેમણે તેમની અમૂલ્ય સેવાઓ આપી છે.

ગરીબ અને પછાત વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટેના નિષ્ઠાપૂર્વક કાર્યોના કારણે સમાજના દરિયાદિલ દાતાઓ તરફથી બિન શરતે તથા નામની ખેવના વગર આપણી સંસ્થા તરફ અવિરત દાનનો પ્રવાહ વહી રહ્યો છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લી. બાલાસિનોર વિદ્યા મંડળ કારોબારી સમિતી વતી**


**TOOTH & TOT** **25% Discount**

**DENTAL STUDIO AND PAEDIATRIC CLINIC**

**Dr. Rashi Dharia**
**B.D.S. (GDC MUM)**
**Cosmetic Dentist and Implantologist**

**Services Offered :**
- Dental Checkup with Intra-Oral Cahera
- Implants
- Single Sitting Root Canal
- Zoom Teeth Whitening
- Dental Jewellery
- Braces
- Dentures
- Smile Rehabilitation and Aesthetics
- Preventive Paediatric care
- Surgical Extraction

**Dr. Devansh Dharia**
**M.D. Paediatric (MUM)** (Special Packages for N.R.I.)
**Cosultant Paediatrician and Neonatologist at Shri H.N. Reliance Foundation Hospital**

**Services Offered :**
- Complete Immunisation with Packages
- Well Baby Clinic
- Paediatric Growth + Development Assessment
- Infectious Diseases
- Child Allergies and Skin Problems
- Speech and Language

**Shop No.51, Panchratna Building, Ground Floor, Next to Popley Jewellers, Charni Road (East), Mumbai - 400004 - Timing : Monday to Saturday - 10.00 a.m. to 08.00 p.m.**
***Sunday by Appointment***

**For Appointment Contact No. 9619674227 / 9833556905**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે ફેબ્રુઆરી ૨૦૨૪ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિઝીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૫૨૬૧ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૩૮૬ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૪૨૩૨ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના ૦૩ મેજર ઓપરેશન તેમજ માઈનોર ઓપરેશન ૦૨, ગાયનેકના મેજર ઓપરેશન ૨૩ તથા માયનોર ઓપરેશન ૦૨ તથા ઈ.એન.ટી. માયનોર ઓપરેશન ૨૦, તેમજ આંખના મેજર ઓપરેશન ૨૮૬ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૧૧૨૨૨૫૧/- તેમજ ઈનડોરમાં રૂા. ૭૧૯૯૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૬૧૭૨૫/- ની માફી મળીને કુલ રૂા. ૧૨,૫૫,૯૭૧/- ની માફી કરવામાં આવેલ છે.

## હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૬.૦૨.૨૦૨૪ ના રોજ ૩૬ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ :** તા. ૦૧.૦૨.૨૦૨૪ ના રોજ ૩૭ દર્દીઓના તથા તા. ૨૨.૦૨.૨૦૨૪ ના રોજ ૬૨ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે ફેબ્રુઆરી ૨૦૨૪ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી યુરોલોજી તથા ગેસ્ટ્રોલોજી તેમજ બાળ વિભાગનાં મળી કુલ ૨૦૨૦ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૧૪ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૪૮૯ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૦૯૨ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૭૩ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૧૭૪ ઈ.સી.જી. કાઢવામાં આવેલ છે. તેમજ રૂા. ૨૦૪૪૦/- ની દવાની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૨૮૨૦૦/- ની માફી કરવામાં આવેલ છે. ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૨૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

## કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ મળેલ /નોંધાયેલા દાન

| | | |
|---|---|---|
| ૧. | **શ્રીમતી વિદ્યા રશેશ શાહ (નગરશેઠ) (નર્સિંગ કોલેજની ફી માટે)** | **રૂા. ૧૦,૦૦,૦૦૦/-** |
| ૨. | **એક અનામી દાતા (એમ્બ્યુલન્સ વાનની ભેટરૂપે)** | **રૂા.૧૫,૦૦,૦૦૦/-** |
| ૩. | **શ્રીમતી શેમીલાબેન તથા શરદ નટવરલાલ દેસાઈ** | **રૂા.૫,૦૦,૦૦૦/-** |
| ૪. | **શ્રીમતી ઈંદુબેન નવનીતલાલ શાહ અને નવનીતલાલ મણીલાલ શાહ** | **રૂા. ૫,૦૦,૦૦૦/-** |
| ૫. | **શ્રીમતી સાવીત્રીબેન જયંતીલાલ કડકીઆ (મરઘા)** | **રૂા. ૫,૦૦,૦૦૦/-** |
| ૬. | **શ્રી કચેરીઆ ફાઉન્ડેશન** | **રૂા.૨,૦૦,૦૦૦/-** |
| ૭. | **શ્રીમતી માલતીબેન કીરીટકુમાર શાહ** | **રૂા. ૧,૭૦,૦૦૦/-** |
| ૮. | **શ્રી અમીશ ભરત કડકીઆ** | **રૂા.૧૧,૦૦૦/-** |
| ૯. | **શ્રીમતી રીટા નિખીલ પરીખ (આજીવન સભ્ય)** | **રૂા. ૫,૦૦૦/-** |

## દાતાશ્રીઓનો સન્માન સમારંભ

હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે ટ્રસ્ટને સખાવતી દાન આપનાર દાતાશ્રીઓનો સન્માન સમારંભ

તારીખ ૧૭-૩-૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૯.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. સમારંભની શરૂઆત પ્રાર્થના દ્વારા ઉદઘોશક તરીકે પ્રોફે. રજનીકાંત ભટ્ટે કરી હતી. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કર્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિનો ચિતાર સ્થાનીક મંત્રી શ્રી રજનીકાંત દ્વારા રજુ કરવામાં આવેલ. મુખ્ય મહેમાન માનનીય શ્રી જયંતીભાઈ ગાંધીએ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું. માનનીય શ્રી નરેશભાઈ વેદે આ પ્રસંગે આર્શીવચન આપ્યા હતા અને સમારંભને અનુરૂપ સંબોધન કર્યું હતું. તેમજ ડૉ. શીશીર ગાંધીએ પણ આ પ્રસંગે સંબોધન કર્યું હતું અને આ સમારંભમાં નીચે મુજબના સખાવતી દાતાશ્રીઓ પૈકી જેઓએ સન્માન સ્વીકારેલ છે તેઓનું મોમેન્ટો આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને સમારંભની આભારવિધિ સંસ્થાના કારોબારી મંત્રી શ્રી પરેશભાઈ પરીખે કરી હતી. (૧) શ્રી અજયભાઈ નિરંજનભાઈ મોદી (૨) શ્રીમતી નિશિતા જયેશ શેઠ (નગરશેઠ) (૩) શ્રી સી.યુ. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (૪) શ્રીમતી ચંદ્રીકાબેન મહેશભાઈ કડકીઆ (બનડા) (૫) પ્રીતિ કિરણ શાહ (યુ.એસ.એ.) હ. શ્રી કિરણભાઈ ગુણવંતભાઈ શાહ તથા રિદ્ધિ, ચિરાગ, અર્પણ (૬) શ્રી અનામી દાતા (૭) શ્રી રજનીકાંત ચીમનલાલ શાહ (ચકવા) ચેરીટેબલ ટ્રસ્ટ હ. શ્રીમતી ઉષાબેન રજનીકાંત શાહ તથા શ્રી નિશીથ રજનીકાંત શાહ (ચકવા) (૮) શ્રી અનામી દાતા (૯) શ્રીમતી કોકિલાબેન રસીકલાલ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ (૧૦) શ્રી ગોકલદાસ જી. ગાંધી પરિવાર હસ્તે વિનિત અને ઉર્વીશ મોદી (દેવ) (૧૧) શ્રીમતી તરુલત્તા કીરીટકુમાર મોદી (દેવ) હસ્તે શ્રી મનીશ અને રાજેશ કીરીટકુમાર મોદી (દેવ) (૧૨) શ્રીમતી ઈંદુબેન રસીકલાલ ધારીઆ (દલાલ) હસ્તે સોનલ નીશીથ ધારીઆ (૧૩) શ્રીમતી તારાબેન શાંતીલાલ કડકીઆ પરિવાર (૧૪) શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્રભાઈ દેસાઈ (૧૫) શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી) (૧૬) શ્રી પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ કડકીઆ હસ્તે શ્રીમતી સરલાબેન પ્રવીણચંદ્ર કડકીઆ (૧૭) શ્રીમતી જયશ્રી વ્રજેશ દેસાઈ (૧૮) શ્રી ઉપેન્દ્રભાઈ શાહ (રોટેક્ષવાલ્વ) તથા આભાબેન ઉપેન્દ્રભાઈ શાહ (૧૯) શ્રી અજીતકુમાર અંબાલાલ ત્રીવેદી (૨૦) શ્રી ચંદ્રવદન શાંતીલાલ શાહ (ડાકોરવાળા) (૨૧) શ્રીમતી અનસુયા શશીકાંતભાઈ શાહ.

**ખાસ નોંધ :** (૧) કે.એમ. જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા ઈમેલ આઈડી ઉપર તથા મોબોઈલ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭, Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯, Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪, Email :sujatient@gmail.com**

**શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સીંગ કોલેજ :** કે.એમ.જી. હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ (૨૦ સીટો) તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની (૨૦ સીટો) થી ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ સને ૨૦૨૦-૨૦૨૧ ના વરસથી ચાલુ થઈ ગયેલ હતા. હવે ૨૦૨૩-૨૦૨૪ ના વરસમાં સરકાર શ્રી તરફથી બી.એસ.સી. નર્સિંગ કોલેજની વધુ ૩૦ સીટોની માન્યતા મળતા કુલ ૫૦ સીટોની માન્યતા થયેલ છે. જ્યારે જી.એન.એમ. નર્સીંગ કોલેજમાં ચાલુ વરસે કુલ ૪૦ સીટોની માન્યતા મળેલ છે. નર્સીંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયેલ છે. જ્યોતિપુંજના માહે નવેમ્બર - ૨૦૨૨ ના અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓને યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી. **કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ/ શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનનાં વચનોની નામાવલી

૧. સ્વ. ગજેન્દ્રકુમાર એમ. મોદી (એમ.સી.મોદી - કેમકો ફાઉન્ડેશન) રૂા. ૫૦,૦૦,૦૦૦/- (રૂા. પચાસ લાખ પૂરા)

૨. શ્રીમતી ઈન્દુમતી સુરેન્દ્રભાઈ સાકરલાલ પરીખ (ચા ગરમ) (શ્રીમતી મીનલ નિતીન પરીખ અને શ્રીમતી નિધિ રિતીક પરીખ) રૂા. ૮,૦૦,૦૦૦/- (રૂા. આઠ લાખ પૂરા)

સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારો માટે આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

## ખુશ ખબર

**એન.એમ.મેડિકલ - ફુલ બોડી ચેક અપ પેકેજ**

**એક + એક (ફ્રી) ફુલ બોડી ચેક એપ બે મહિના માટે**

**એપ્રિલ ૨૦૨૪ અને મે ૨૦૨૪ દરમિયાન આપવામાં આવશે. તો તેનો લાભ મેળવશો.**

**માનદ્ મંત્રીઓ**
**શ્રી અનિશ ગાંધી/શ્રી સમીર શાહ/શ્રી સમીર ધારીઆ**

**માનદ્ પ્રમુખ**
**શ્રી કિરીટભાઈ આર. ધારીઆ**

## સમજવા જેવી વાત કુટુંબ સભા કરવી જોઈએ

✍ શિરીષભાઈ પરીખ (ચા ગરમ)

કુટુંબ સભા કરો અને એકબીજાને સમજો
મનનું મૂકો હું રિસાયો તમે પણ રિસાયા
તો પછી આપણને મનાવશે કોણ ?
આજે તિરાડ છે કાલે ખાઈ બની જસે
તો પછી તેને ભરશે કોણ ?
હું મૌન તમે પણ મૌન
તો પછી આ મૌનને તોડશે કોણ ?
નાની નાની વાતોને દિલથી લગાવીશું
તો પછી સંબંધ નિભાવશે કોણ ?
છુટા પડીને દુઃખી હું અને દુઃખી તમે પણ
તો વિચારો ડગલું આગળ વધશે કોણ ?
ના હું રાજી ના તમે રાજી
તો પછી માફ કરવાની મોટાઈ દેખાડશે કોણ ?
યાદોના ગમમાં ડૂબી જઈશું હું અને તમે
આપણને ધૈર્ય આપશે કોણ ?
એક અહં મારો એક તારી અંદર પણ
તો પછી આ અહં ને હરાવશે કોણ ?
જિંદગી કોને મળી છે હંમેશ માટે
તો પછી આ વાતને વાગોળવા માટે અહીં રહેશે કોણ ?
આપણા બન્નેનાં મરી ગયા પછી
આ વાત ઉપર પસ્તાવો કરશે કોણ ? એટલે જ
એક-બીજાનું માન રાખો ભૂલોને ભૂલી જાવ
ઈગો ને એવોઈડ કરો, જિંદગી જેટલી બચી છે,
હસતાં હસતાં પુરી કરો.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

❖ **શ્રી વિરલ કડકીઆ**
એ-૨૦૫, બ્લ્યુ મીસ્ટ, બ્લ્યુ એમ્પાયર કોમ્પલેક્ષ,
મેટ્રો સ્ટેશન પાસે, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૭

❖ **શ્રી રીતેન જગદીશભાઈ શેઠ (બોરડીવાળા)**
૧૨૦૧, અમૃત તારા કુન્તી કુંજ, ગોખલે રોડ,
દહાણુકરવાડી, દત્ત મંદિરની બાજુમાં,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
મો. : ૮૮૫૦૬૨૪૫૨૫

### મૃત્યુ નોંધ

| | ઉં.વ. |
|---|---|
| ❖ પરેશકુમાર પ્રવિણચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) | ૬૮ |
| ❖ પ્રવિણભાઈ સાંકરલાલ દેસાઈ | ૯૩ |
| ❖ શ્રીકાન્ત કાંતિલાલ ધારીઆ | ૮૯ |
| ❖ રશ્મિકાબેન નિરંજનભાઈ દેસાઈ | ૭૮ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## AMRISH KACHARIA

Mobile : +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai-400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Email : sales@prbhatwires.in
Website : www.prabhatwires.in


Authorised Distributors :

## POLYCAB

IDEAS. CONNECTED.

CABLES & WIRES




- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES

Publishing day 20th of every month

44

JYOTI PUNJ - April - 2024

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH    RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE
AVA AVOLITES
MADRIX LIGHTING CONTROL
HK AUDIO

ASHLY lumenradio Luminex CAPTURE DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.